EMPLOYMENT ONTARIO
Ontario's employment & training network

Ontario

**વેબ પર નોકરી માટે ફેરતપાસણી**

## સાક્ષરતા અને પાયારૂપી કેળવણીઓનો પ્રોગ્રામ [Literacy and Basic Skills Program]

ઓન્ટારીઓ સરકારનો સાક્ષરતા અને મૂળભૂત કેળવણીઓનો [Literacy and Basic Skills (LBS)] પ્રોગ્રામ સાક્ષરતા, આંકડાની ગણતરી અને જરૂરી કેળવણીઓની સેવાઓ આપે છે જેથી વ્યક્તિ આગળના શીક્ષણ અથવા તાલીમ, રોજગાર અથવા વધારે સ્વતંત્રતા સંબંધી તેમના ઉદ્દેશ્યો પૂરા કરી શકે.

**કઈ સેવાઓ ઉપલબ્ધ છે?**

LBS સેવાઓ શીક્ષણ લેનારાઓને મફતમાં આપવામાં આવે છે અને આ સેવાઓનું કેન્દ્ર એવા લોકો છે જેમની વાચન, લેખન, ગણતરી અને જરૂરી કેળવણીઓ ઓન્ટારીઓ પાઠયક્રમના ગ્રેડ 9 ના ધોરણથી ઓછી હોય. સેવાઓ સ્થાનિક સ્કૂલ બોર્ડ, સમુદાય–સ્થિત એજન્સી ઓ અને એપ્લાઈડ આર્ટસ અને ટેકનોલોજી ની કોલેજો દ્વારા આપવામાં આવે છે.

વ્યક્તિઓને આગળ વધવા માટેના તેમના ઉદ્દેશ્યોને સ્પષ્ટ કરવામાં મદદ મળશે અને એને પૂરા કરવા માટે એક તાલીમ યોજના તૈયાર કરવામાં મદદ મળશે. તાલીમ કેટલાક પ્રકારોમાં ઉપલબ્ધ છે– ટયુટર સાથે એક-વિદ્યાર્થી-અને-એક-ટયુટર, નાના જૂથોમાં અથવા કક્ષામાં તાલીમ આપી શકાશે.

જો વ્યક્તિ ટેકનોલોજીકલ કેળવણીઓ મેળવવા ઈચ્છતો હોય, તો તાલીમમાં કમ્પ્યૂટરનો પણ સમાવેશ થઈ શકે છે. કોલેજો દ્વારા, LBS પ્રોગ્રામ તાત્વિક રીતે અદ્યતન કરવાની કેળવણી સેવાઓ પણ પ્રદાન કરે છે જેથી વ્યક્તિઓને કોલેજ–આધારિત સેકન્ડરી–પછીનું શિક્ષણ અને તાલીમ પ્રોગ્રામો (દાખલા તરીકે, ઉમેદવાર તાલીમ) માં પ્રવેશ માટે જરૂરી એવી કેળવણીનો વિકાસ કરવામાં મદદ મળે છે.

**કોણ ભાગ લઈ શકે?**

LBS પ્રોગ્રામ એવા વ્યક્તિઓ માટે છે જે સ્કૂલ પાસ કરી ચૂકેલા છે અને જે અંગ્રેજી અથવા ફ્રેન્ચમાં વાતચીત કરી શકે છે. ઓન્ટારીઓ વર્કસ [Ontario Works] તરફથી સામાજીક સહાયતા પ્રાપ્ત કરનાર વ્યક્તિઓને સેવાઓ પ્રદાન કરવા પર ખાસ ધ્યાન આપવામાં આવે છે.

એ વાતની ખાતરી કરવા કે જુદી જુદી ભાષાઓ અને સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિઓથી આવતા લોકોની સાક્ષરતા સંબંધી જરૂરિયાતોને પૂરી કરવામાં આવે છે, LBS સેવાઓ એંગ્લોફોન, બહેરા, ફ્રેન્કોફોન અને એબોરિજિનલ શીખનારાઓ માટે પ્રોગ્રામિંગને સહાયતા આપે છે.

**હું કઈ રીતે સેવા વાપરી શકું?**

LBS સેવાઓ આખા પ્રોવિન્સમાં લગભગ 300 જગ્યાઓ પર 200થી વધારે એજન્સીઓ દ્વારા આપવામાં આવે છે.

1-800-387-5656
(416) 326-5656 (ટોરોન્ટો)

www.ontario.ca/employmentontario

ISBN 1-4249-2445-6